-: શિક્ષણસહાયક (ધો.૯ થી ૧૦) (દિવ્યાંગ) જોઇએ છે :-

આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર અનુદાનિત અને સંસ્થાશ્રી. ડાંગ યુવક સેવા સમિતી આહવા સંચાલિત નીચે દર્શાવ્યા મુજબની અપગ્રેડ માધ્યમિકશાળા ગોટીયામાળમાં દિવ્યાંગજનની ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત શિક્ષણસહાયકો (ધો.૯ થી ૧૦)ની જગ્યા પર દિવ્યાંગજનની સીધી ભરતી માટે અધિક કલેક્ટર અને પ્રાયોજના વહીવટદારશ્રી આહવા જિ.ડાંગ દ્વારા તેઓના પત્ર ક્રમાંક ૧.(ટી.એસ.પી/શિક્ષણ/આ.શા./NOC/વશી/૩૪૭/તા.૦૬/૦૮/૨૦૨૬ "ના વાંધા પ્રમાણપત્ર આપવામાં આવેલ છે. જે અન્વયે ગુજરાતી માધ્યમના શિક્ષણ સહાયક (ધો.૯ થી ૧૦)ની જગ્યા પર દિવ્યાંગજનની ભરતી કરવાની છે.

ક્રમ		ધોરણ	જગ્યાનું નામ	વિષય	રોસ્ટર ક્રમ	ભરવાપાત્ર કેટેગરી	લાયકાત	જગ્યા
૧	અપગ્રેડ માધ્યમિક આશ્રમશાળા ગોટીયામાળ	૯ થી ૧૦	શિક્ષણસહાયક	સામાજીક વિજ્ઞાન	૧	દિવ્યાંગજન (કેટેગરી- A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ + ટાટ -૧	૦૧/સંખ્યાધિક

શરતોઃ

1. લાયકાતઃ ઉમેદવારની લાયકાત રાજ્ય સરકારશ્રી/શિક્ષણ વિભાગ દ્વારા વખતો-વખત નિયત કર્યા મુજબની રહેશે. નિયત લાયકાત તરીકે જરૂરી તમામ પરીક્ષાઓ તથા રાજ્ય સરકારશ્રી દ્વારા નિયત થયેલ સંબંધિત વિષયની TAT-1 પરીક્ષા અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં પાસ કરેલ હોવી જોઇશે.
2. શૈક્ષણિક અને તાલીમી લાયકાત અનુક્રમે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તથા નેશનલ કાઉન્સિલ ફોર ટીચર એજ્યુકેશન દ્વારા માન્ય સંસ્થામાંથી જ પાસ કરેલી હોવી જોઇશે.
3. ઉમેદવાર સરકારશ્રીએ ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતા હોવા જોઇએ.
4. નિયત લાયકાત અંગેના તમામ દસ્તાવેજોની પ્રમાણિત નકલ અરજી સાથે સામેલ રાખવાની રહેશે.
5. ઉમેદવારે સા.વ.વિ.ના તા.૦૧/૧૨/૨૦૦૮ના પરિપત્રથી નિયત પરિશિષ્ટ-અ'ના નમુનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ/સિવિલ સર્જન/મેડિકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ દિવ્યાંગતા અંગેનું જે-તે કેટેગરીના પ્રમાણપત્રની નકલ સામેલ રાખવાની રહેશે. તથા સા.વ.વિ.ના તા.૨૬/૦૨/૨૦૨૪ના પરિપત્ર મુજબ દિવ્યાંગતા પ્રમાણપત્ર સબંધે સરકારશ્રીની વખતો-વખતની સૂચના/જોગવાઇ અનુસારનું દિવ્યાંગતા પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે. નિમણુંક પામનાર ઉમેદવારનું દિવ્યાંગતાનું પ્રમાણપત્ર શંકાસ્પદ જણાશે તેવા સંજોગોમાં સક્ષમ અધિકારી પાસે તેની ખરાઇ કરાવવામાં આવશે અને રજૂ કરેલ પ્રમાણપત્ર ખોટુ જણાશે તો તેઓની નિમણુંક મુળ અસરથી રદ્દ કરવામાં આવશે.
6. દિવ્યાંગ અનામતમાં ફક્ત દિવ્યાંગતાને જ અનામત તરીકે ગણવામાં આવશે. તે સિવાય કોઇ લિંગ (સ્ત્રી/પુરૂષ), જાતિ આધારિત (SC/ST/SEBC) કે આર્થિક અનામત (EWS)ને ધ્યાને લેવામાં/પ્રાધાન્ય આપવામાં આવશે નહીં.
7. સરકારી કર્મચારી અથવા સરકારશ્રીનું અનુદાન મેળવતા બોર્ડ/કોર્પોરેશન/સંસ્થાના કર્મચારીએ નિમણૂંક સત્તાધિકારીનું એન.ઓ.સી. (ના વાંધા પ્રમાણપત્ર) અરજી સાથે સામેલ કરવાનું રહેશે.
8. જે માર્કશીટમાં CGPA/CPI/Grade દર્શાવેલ હોય તેવા ઉમેદવારોએ યુનિવર્સિટી/કોલેજ પાસેથી કુલ ગુણ, મેળવેલ ગુણ અંગેનું કન્વર્ઝન કરેલ પ્રમાણપત્ર અરજી સાથે અવશ્ય જોડવાનું રહેશે.
9. અરજીપત્રકમાં ઉમેદવારે પોતાનો મોબાઇલ નં. તથા ઇ-મેઇલ આઇ.ડી. અચૂકપણે દર્શવવાનો રહેશે.
10. અરજી કરવા માટેનું સરનામુંઃ. ડાંગ યુવક સેવા સમિતી આહવા શ્રમદિપ વેરીયસ કોલોની આહવા ડાંગ પીન કોડઃ- ૩૯૪૭૧૦
11. ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે ઉમેદવાર દ્વારા આપેલ માહિતી/દસ્તાવેજો ખોટા માલુમ પડશે તો તેઓની તેની અરજી આપોઆપ અમાન્ય (રદ્દ)ગણાશે. નિમણુંક મળ્યા બાદ પણ માહિતી/દસ્તાવેજો ખોટા માલુમ પડશે તો તેઓની નિમણુંક મુળ અસરથી રદ્દ કરી તેઓની સામે નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
12. ભરતી સમિતીઃ ભરતી માટે જિલ્લા કક્ષાની પસંદગી સમિતિ આદિજાતિ વિકાસ વિભાગના તા.૦૧/૦૪/૨૦૨૬ના ઠરાવથી નિયત કર્યા મુજબની રહેશે. ઇન્ટરવ્યુ દરમિયાન પસંદગી સમિતિએ ઉમેદવારના પ્રમાણપત્રોની ચકાસણી કર્યા બાદ પસંદ થયેલ ઉમેદવારને સબંધિત અધિક કલેક્ટર અને પ્રાયોજના વહિવટદારશ્રી/મદદનીશ કમિશનરશ્રી (તકેદારી) દ્વારા બહાલી મળ્યેથી સંસ્થા દ્વારા નિમણુંક આપવામાં આવશે.
13. નિયમિત નિમણૂંક મળ્યા બાદ ઉમેદવારને સરકારશ્રીની નવવર્ધિત પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર થશે.
14. પગારધોરણઃ સરકારશ્રીની ફિક્સ પગારની નીતિ અનુસાર પાંચ વર્ષ માટે પ્રતિ માસ, ધો.૯-૧૦ના શિક્ષણસહાયકને રૂ.૪૦,૮૦૦/- પ્રતિમાસ ફિક્સ પગારથી નિમણૂંક આપવામાં આવશે. તેઓની સેવા સંતોષકારક જણાયેથી પાંચ વર્ષ બાદ નિયમિત પગાર-ધોરણમાં સમાવવા વિચારણા લેવામાં આવશે. નિયમિત નિમણૂંક મળ્યા બાદ ઉમેદવારને સરકારશ્રીની નવવર્ધિત પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર થશે. સેવા સંતોષકારક ન જણાતા પાંચ વર્ષ પહેલા પણ એક માસની નોટિસથી સેવાનો અંત લાવી શકાશે.
15. વયમર્યાદાઃ અરજી કરવાના આખરી દિવસે ઉમેદવારની વય સરકારશ્રીએ ઠરાવ્યા મુજબની વયમર્યાદામાં હોવી જોઇએ વયમર્યાદામાં નિયમાનુસાર છૂટછાટ મળી શકશે.
16. નિમણુંક પામતા ઉમેદવારોએ શાળા ખાતે ગૃહમાતા / ગૃહપતિ તરીકેની ફરજો બજાવવાની હોઇ પ્રત્યેક કર્મચારીએ આશ્રમશાળામાં ૨૪ કલાક સ્થળ પર રહેવું ફરજિયાત છે. તેઓને સંસ્થા તરફથી રહેઠાણની સુવિધા વિના મૂલ્યે પૂરી પાડવામાં આવશે. સ્થળ પર નિવાસ ન કરતા કર્મચારીને શિસ્તભંગ બદલ ફરજમાંથી છૂટા કરવામાં આવશે.
17. આદિજાતિ વિકાસ વિભાગ કે શિક્ષણ વિભાગે વખતો-વખત નિયત કરેલ શિક્ષણ અને શિસ્તવિષયક તથા અન્ય સામાન્ય નિયમોનું કર્મચારીએ પાલન કરવાનું રહેશે.
18. ક્રમ (૧, ૨ અને ૧૦) પરની આશ્રમશાળામાં દિવ્યાંગ વ્યક્તિની નિમણૂંક કરવા માટે સબંધિત સંવર્ગમાં સિધી ભરતીના ફાળાની જગ્યા ઉપલબ્ધ નથી પરંતુ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૦૧/૨૦૨૬ના પત્રની સૂચનાઓ મુજબ કરવાની થતી કાર્યવાહી સબંધે જે સબંધિત દિવ્યાંગની કેટેગરીના ઉમેદવાર ઉપલબ્ધ થાય તો તેઓને નિમણૂંક આપતા પહેલા સંખ્યાધિક (Supernumerary) જગ્યા ઉભી કરવા માટે સરકારશ્રીમાં દરખાસ્ત કરવામાં આવશે. જે અન્વયે સંખ્યાધિક (Supernumerary) જગ્યા ઉભી કરવા અંગે નાણા વિભાગની મંજૂરી મળ્યા બાદ દિવ્યાંગ ઉમેદવારની નિમણૂંકને બહાલી મળ્યા બાદ જ જે-તે ઉમેદવારની નિમણુંક કરવાની રહેશે. સદર જાહેરાત નાણા વિભાગની મંજુરીને આધિન રહેશે. (સંખ્યાધિક (Supernumerary) જગ્યા ઉભી કરી કરવાની થતી ભરતીના કિસ્સામાં સદર શરતનો ઉલ્લેખ કરવાનો રહેશે.)

ઉપરોક્ત જાહેરાત અનુસાર લાયકાત ધરાવતા ઉમેદવારોએ તમામ પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલ તથા પાસપોર્ટ સાઇઝના બે ફોટા (જો વધારાની લાયકાત ધરાવતા હોય તો તે પણ) અરજી સાથે સામેલ રાખી તા.૨૭/૦૮/૨૦૨૬ પહેલાં ઉક્ત સરનામે મળી જાય તે રીતે ફક્ત રજિસ્ટર્ડ એ.ડી. (RPAD)થી જ અરજી મોકલવાની રહેશે. તે પછીથી મળેલ અરજીઓને ધ્યાને લેવામાં આવશે નહી. અરજીના કવર પર લાલ પેનથી કઇ આશ્રમશાળા માટે અરજી કરેલ છે, તે દર્શાવવાનું રહેશે. ૧(એક) થી વધુ આશ્રમશાળાઓમાં ઉમેદવારી નોંધાવવા માંગતા ઉમેદવારોએ દરેક આશ્રમશાળા માટે અલગ-અલગ કવરમાં અરજી કરવાની રહેશે. ઉમેદવારે અરજીની એક નકલ અધિક કલેક્ટર અને પ્રાયોજના વહીવટદારશ્રી, આહવા જિ.ડાંગ ને મોકલવાની રહશે.

પ્રમુખ/મંત્રી/
ડાંગ યુવક સેવા સમિતિ
આહવા જિ.ડાંગ

ગોવિંદા મંડળોને રાહત, સ્થાનિક પો.સ્ટે.માં જ કામ થઈ જશે

સુરતઃ શહેરના આશરે 145 જેટલા ગોવિંદા મંડળોને મોટી રાહત મળી છે. સુરત શહેર ગોવિંદા ઉત્સવ સમિતિ અને વિશેષ શાખાના એસીપી બી.એ. ચૌધરી સાથે સમિતિના સભ્યોની મુલાકાત દરમિયાન નિર્ણય લેવાયો કે હવે ગોવિંદા મંડળોએ કાર્યક્રમ અંગેનો જવાબ આપવા માટે અલગ-અલગ પોલીસ સ્ટેશન કે ટ્રાફિક પોલીસ મથકના ધક્કા ખાવા નહીં પડે. મંડળોએ માત્ર પોતાના વિસ્તારના સ્થાનિક પોલીસ સ્ટેશનમાં જ જઈને જરૂરી જવાબ લખાવવાનો રહેશે. સમિતિના પ્રમુખ ગણેશભાઈ પી. સાવંત સહિતના સભ્યોએ પોલીસ કમિશનરની મુલાકાત લઈ તેમને નવનિયુક્તિ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

વાર્ષિક સાધારણ સભા

શ્રી મહાવીર હેલ્થ એન્ડ મેડીકલ રિલીફ સોસાયટી સુરતની

૪૯મી વાર્ષિક સાધારણ સભા તા. ૨૩/૦૮/૨૦૨૬ રવિવારે સવારે ૧૧.૦૦ કલાકે

શ્રી બી.ડી. મહેતા મહાવીર હાર્ટ ઈન્ટીટયુટ રીસેપ્શન એરિયામાં મળશે.

સર્વે સભાસદોને હાજર રહેવા વિનંતી.

વેસ્ટર્ન રેલવે

વિવિધ કામો

ડિવિઝનલ રેલવે મેનેજર (WA), વેસ્ટર્ન રેલવે, ૬ઠ્ઠો માળ, એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008, આમંત્રિત કરે છેઃ અનુક્રમ નંબરઃ 1. ઈ-ટેન્ડર નોટિસ નંબરઃ BCT/26-27/112 તારીખ 19/08/2026. કામ અને સ્થળઃ ખારથી વિરાર સેક્શનઃ ADEN (EST/N) બોરીવલી અને ADEN (W/N) બોરીવલીના અધિકારક્ષેત્રમાં ખામીયુક્ત વોટર મીટર બદલવાનું કામ. કામનો અંદાજિત ખર્ચઃ રૂ.33,30,658.77. ઈએમડીઃ રૂ.66,600/-. અનુક્રમ નંબરઃ 2. ઈ-ટેન્ડર નોટિસ નંબરઃ BCT/26-27/113 તારીખ 19/08/2026. કામ અને સ્થળઃ મુંબઈ ડિવિઝનઃ- સાંતાક્રુઝ, અંધેરી, કાંદીવલી અને બોરીવલી રેલવે સ્ટેશનો પર ટોયલેટ બ્લોક્સનું નિર્માણ. કામનો અંદાજિત ખર્ચઃ 1,77,04,410.09. ઈએમડીઃ 3,54,100/-. બંને ટેન્ડર સબમિટ કરવાની તારીખ અને સમયઃ તારીખ 11.09.2026ના રોજ બપોરે 3:00 વાગ્યા સુધી. બંને ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ તારીખ 11.09.2026ના રોજ બપોરે 3:30 વાગ્યે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.inની મુલાકાત લો. 0504

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly

વેચાણ અંગેની જાહેર નોટીસ

ભરૂચ ડિસ્ટ્રીકટ હાંસોટ સબ-ડિસ્ટ્રીકટનાં મોજે ગામ : સુર્યેવખુર્દના સર્વે નં. ૧૯૫/૨ ના જુનો બ્લોક નં. ૪૯૪, ના રી-સર્વે બાદ થયેલ નવો બ્લોક નં. ૫૯૩, જેનો ખાતા નં. ૬૫૭ થી નોંધાયેલ જમીન, જેનું ક્ષેત્રફળ સુમારે ૦ હેકટર ૭૦ આરે ૨૯ ચો.મી. છે, જેનો આકાર રૂા. ૫.૪૦ પૈસાવાળી ખેડખાતાની ખેતીની પિયતન જમીન તથા જે જમીનમાં આવેલ ઝાડ, પાન, બીડ, રસ્તા તથા શેઢા સહતની જમીન તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહીત કુલ્લે જમીનનાં માલીક, મુખત્યાર, કબજેદાર, વહીવટદાર તથા ભોગવટેદાર ધનસુખભાઈ જગજીવનભાઈ પટેલનાં હોવાનું તેમજ સદર જમીન નકરજી નબોજી, ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ ટાઈટલ વાળી ચાલી આવેલ હોવાનું જણાવીને તમામ પ્રકારનાં બોજા રહિત હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. સદરહું જમીનમાં કોઈપણ વ્યકિત, અન્ય ભાગીદારો, વારસદારો, સંસ્થા મંડળી યા બેંક વિગેરેનો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, કબજો, જપ્તી, અવલ જપ્તી, લેણું-બોજો, ગીરો, લિયન, સોદા, સાટાખત, પાવર ઓફ એટર્ની યા કોઈ કોર્ટ પ્રકરણો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી તેમણે કાયદેસરના લેખિત દસ્તાવેજી પુરાવાઓ સહીત દિન-૭ માં નીચે જણાવેલા સરનામે રૂબરૂ આવી તે અંગેની સંપુર્ણ ખાત્રી કરાવવી કે લેખીતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થયેથી સદરહું જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો, સંબંધ, દરદાવો નથી અને હોય તો જતો યાને વેવ કર્યો છે. તેમ માની આ નોટીસની મુદત વિત્યે હમારા અસીલ સદરહુ જમીનના માલીકો સાથે વેચાણ અંગેના વ્યવહારો કરી, જરૂરી કાયદેસરના રજીસ્ટર્ડ લખાણ જે તે માલીકો પાસેથી કરાવી લેશે. ત્યારબાદ સદરહું જમીન બાબતેની કોઈપણ જાતની તર-તકરાર વાંધા વિરોધ ચાલશે નહી અને તેવી વ્યકિત/સંસ્થા/ઈસમોને કોઈપણ જાતના હકકો પ્રાપ્ત થશે નહી. જેની જાહેર જનતા તથા લાગતા વળગતા તમામએ નોંધ લેવી.

અમારી મારફતે,
ઠેકાણું : ઓફીસ નં. ૧૪૩-૧૪૪, ઓર્ચીડ હાર્મોની, પાલણપોર ફાયર સ્ટેશનની સામે, પાલ ગૌરવપથ રોડ, સુરત. Mobile No.: 9913007238
યોગેશ કે. પટેલ, તેજશ જી. પટેલ તથા અમીત સી. પટેલ એડવોકેટસ્

:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::

મોજે ગામ અણીયાદરા, તા.હાંસોટ, જી. ભરૂચના નીચે દર્શાવેલ વર્ણન અને વિસ્તાર વાળી જુની શરતની જમીન (૧) કિરીટભાઈ મગનભાઈ પટેલ, (૨) મીનાક્ષીબેન કિશોરભાઈ પટેલ, (૩) સંદીપકુમાર કિશોરભાઈ પટેલ તથા (૪) કવિનાબેન કિશોરભાઈ પટેલ વિગેરેઓએ સંયુકત રીતે પોતાની સ્વતંત્ર માલિકી, પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહુ જમીન અંગે કોઈ વ્યકિત, સંસ્થા યા અન્ય કોઈનો કોઈ પણ પ્રકારના હકકો લાગભાગ, દરદાવા, ઈઝમેન્ટના હકકો યા સદર વેચાણ સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ માં અમોને લેખિત પુરાવા સહીત રૂબરૂ મળવું. મુદત વીત્યે મજકુર જમીનમાં કોઈના કોઈ પણ જાતના હકકો નથી કે કોઈ વાંધો કે તકરાર નથી યા છોડી દીધા છે. તેમ ગણી અમારા અસીલ સદરહુ જમીનનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની આથી જાહેર જનતાએ છેવટની નોંધ લેવી.

અ.નં.	જુનો બ્લોક/ રે.સર્વે નં.	નવો બ્લોક/ રે.સર્વે નં.	ખાતા નંબર	ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી)	આકાર (રૂા. પૈસા)
૧	૪૮બ	૭૬	૩૬૫	૧-૯૦-૧૧	૧૦.૦૦

નિતેશકુમાર એચ. પટેલ | તપન એમ. મોઢીયા | દર્શના એન. પટેલ
તે ખરીદનારના એડવોકેટસ્
ઓફિસ : ૩૦૨, સ્ટેટસ બિલ્ડીંગ, પાલીયા શેરી, નાનપુરા, સુરત. મો. ૯૭૨૭૭ ૮૫૯૯૮, ૯૬૦૧૮ ૯૮૯૯૯ (તા. ૨૨/૦૮/૨૦૨૬)

:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::

મોજે ગામ માલણપોર, તા.હાંસોટ, જી. ભરૂચના નીચે દર્શાવેલ વર્ણન અને વિસ્તાર વાળી જુની શરતની જમીન (૧) કિરીટભાઈ મગનભાઈ પટેલ, (૨) મીનાક્ષીબેન કિશોરભાઈ પટેલ, (૩) સંદીપકુમાર કિશોરભાઈ પટેલ તથા (૪) કવિનાબેન કિશોરભાઈ પટેલ વિગેરેઓએ સંયુકત રીતે પોતાની સ્વતંત્ર માલિકી, પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહુ જમીન અંગે કોઈ વ્યકિત, સંસ્થા યા અન્ય કોઈનો કોઈ પણ પ્રકારના હકકો લાગભાગ, દરદાવા, ઈઝમેન્ટના હકકો યા સદર વેચાણ સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ માં અમોને લેખિત પુરાવા સહીત રૂબરૂ મળવું. મુદત વીત્યે મજકુર જમીનમાં કોઈના કોઈ પણ જાતના હકકો નથી કે કોઈ વાંધો કે તકરાર નથી યા છોડી દીધા છે. તેમ ગણી અમારા અસીલ સદરહુ જમીનનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની આથી જાહેર જનતાએ છેવટની નોંધ લેવી.

અ.નં.	જુનો બ્લોક/ રે.સર્વે નં.	નવો બ્લોક/ રે.સર્વે નં.	ખાતા નંબર	ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી)	આકાર (રૂા. પૈસા)
૧	૨૨૩	૨૨૯	૪૪૭	૧-૦૭-૦૬	૮.૬૦

નિતેશકુમાર એચ. પટેલ | તપન એમ. મોઢીયા | દર્શના એન. પટેલ
તે ખરીદનારના એડવોકેટસ્
ઓફિસ : ૩૦૨, સ્ટેટસ બિલ્ડીંગ, પાલીયા શેરી, નાનપુરા, સુરત. મો. ૯૭૨૭૭ ૮૫૯૯૮, ૯૬૦૧૮ ૯૮૯૯૯ (તા. ૨૨/૦૮/૨૦૨૬)

વેચાણ અંગેની જાહેર નોટીસ

નવસારી જીલ્લાના જલાલપોર તાલુકાના મોજે ગામ પરસોલીના જુનો બ્લોક નં. ૩૫૯, રી.સર્વે બાદ નવો બ્લોક નં. ૩૭૧ થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન કે જેનું ૭/૧૨ મુજબનુ ખેડવા લાયક ક્ષેત્રફળ હે.૦-૬૪-૨૬ ચો.મી. તથા પોત ખરાબો હે. ૦-૦૩-૫૭ ચો.મી. મળી કુલ્લે ક્ષેત્રફળ હે.૦-૬૭-૮૩ ચો.મી., આકાર રૂા.૩.૧૦ પૈસા વાળી જુની શરતની ખેતીની જમીન તેના માલિક ભગુભાઈ નરસિંહભાઈ રવજીભાઈ પાસેથી અમારા અસીલે વેચાણ રાખવા નક્કી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં જો કોઈ શખ્સ કે પેઢી કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દરદાવો, બોજો, લાગભાગ, કબજો વિગેરેની તર-તકરાર હોય તો પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અમોને લેખીતમાં પુરાવા સહિત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દરદાવો, બોજો, લાગભાગ, કબજો વિગેરેની તર-તકરાર નથી અને હોય તો તે જતા કરેલ છે તેમ સમજી મુદત વિત્યેથી અમારા અસીલ સદરહુ જમીનનો રજી. સાટાખત/વેચાણ દસ્તાવેજ મજકુર જમીન માલિક પાસેથી કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર, દરદાવો યા વાંધા ચાલશે નહી, જેની નોંધ સર્વે લાગતા-વળગતાઓએ લેવી.

તા. ૨૨/૦૮/૨૦૨૬

અક્ષયકુમાર આર. પટેલ તે ખરીદનારના એડવોકેટ
ઓફિસ :- ૨૦૪-૨૦૫, રઘુવીર બીઝનેસ પાર્ક, મગદલ્લા રોડ, રૂંઢ, સુરત.મો.નં. ૯૬૨૪૮-૯૦૧૬૫

શ્રી દીનદયાળ સ્મૃતિ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી ડી.આર.રાણા વિદ્યાસંકુલ

ઓપન ઈન્ટરવ્યુ

બી.એ./એમ.એ.,બી.એડ્/એમ.એડ્(મુખ્ય વિષય - અંગ્રેજી) ઉ.પ્રા.વિ. માટે

નોન ગ્રાન્ટેડ શાળા માટે ઉપરોક્ત લાયકાત ધરાવતા શિક્ષકો જોઈએ છે. સ્વહસ્તાક્ષરમાં અરજી, માર્કશીટ અને પ્રમાણપત્રોની ઓરીજીનલ તથા પ્રમાણિત નકલો સાથે તારીખ- ૦૯/૦૯/૨૦૨૬ ને બુધવારના રોજ સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ કલાક દરમ્યાન રૂબરૂ મુલાકાત માટે નીચેના સ્થળે સ્વખર્ચે હાજર રહેવું.

ગુ.હા.બોર્ડ, પાલનપુર પાટિયા, સંદેર રોડ, સુરત.
ફકીરભાઈ સી. ચૌહાણ મેનેજીંગ ટ્રસ્ટી

ધી સુરત ડિસ્ટ્રીકટ ક્રિકેટ એસોસીએશન

લાલભાઇ કોન્ટ્રાકટર સ્ટેડીયમ, સુરત-ડુમસ રોડ, સુરત.

જોઈએ છે

એડમિનિસ્ટ્રેટર
- અંગ્રેજી, ગુજરાતી, હિન્દી ભાષાનું જ્ઞાન ધરાવતા.
- કમ્પ્યુટર તથા ઓફિસ એડમિનિસ્ટ્રેશનનું સારું જ્ઞાન જરૂરી.

જીમ કો-ઓર્ડિનેટર
- જીમ સંચાલનનો અનુભવ જરૂરી.
- ફિટનેસ તથા જીમ ઈકિવપમેન્ટનું જ્ઞાન, સ્ટાફ મેનેજમેન્ટનું કૌશલ્ય ધરાવતા ઉમેદવારોને પ્રાધાન્ય.

સ્ટોર કીપર
- સ્ટોર સંચાલનનો અનુભવ જરૂરી.
- સ્ટોક મેનેજમેન્ટ, ઈનવર્ડ-આઉટવર્ડ, બિલિંગ તથા કમ્પ્યુટરનું સારું જ્ઞાન જરૂરી.
- ગુજરાતી અને અંગ્રેજી ભાષાનું જ્ઞાન ધરાવતા ઉમેદવારોને પ્રાધાન્ય

ઉપરોક્ત જગ્યાઓ માટે યોગ્યત્તા ધરાવતા ઉમેદવારોએ આ જાહેરાત પ્રસિદ્ધ થયા બાદ દિન-૭ માં ઉપરના સરનામે અરજી કરવી.

(હિતેશ ડી.પટેલ) સેક્રેટરી
ધી સુરત ડિસ્ટ્રીકટ ક્રિકેટ એસોસીએશન
તા.: ૨૧/૦૮/૨૦૨૬

વેચાણ અંગેની જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટ સુરત સબ-ડીસ્ટ્રીકટ અરેઠ, મોજે ગામ બૌધાન, બ્લોક નંબરઃ- ૬૧૫/બ, (સર્વે નંબર ૪૦૭ પૈકી), ખાતા નં. ૫૪૫, ક્ષેત્રફળ હે.આરે. ૩-૨૩-૭૫ ચો.મી. વાળી જમીન મીલકત (૧) સલીમ ઈસ્માઈલ ઉન્યા, (૨) જીરીના ઈસ્માઈલ ઉન્યા, (૩) સીકંદર ઈસ્માઈલ ઉન્યા, (૪) આરીફ ઈસ્માઈલ ઉન્યા, (૫) જાકીર ઈસ્માઈલ ઉન્યા, (૬) સુલેમાન ઈસ્માઈલ ઉન્યા, (૭) મોહમદ અયાઝ અબ્દુસમદ ઉન્યા તથા (૮) ઝૈનબ અબ્દુલસમદ ઉન્યા નાએ પોતાની માલીકી, કબજા ભોગવટા હેઠળ ચાલી આવેલ છે, એમ જણાવી અમોના અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલ છે. સબબ, સદરહુ મીલકત કે તેના હિસ્સા ઉપર જો કોઇ શખ્સ, કંપની, સંસ્થા કે અન્ય કોઇનો- કોઇપણ પ્રકારનો પ્રત્યક્ષ, પરોક્ષ, કે વારસાઇ કે અન્ય કોઇપણ પ્રકારે, લાગ, ભાગ, હકક, હિસ્સો, અધિકાર, કબજો ભોગવટો, ઇઝમેન્ટ, લીયન, લેણા, બોજો કે દરદાવો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં, તે બદલના તમામ પુરાવા સાથે, નીચેના સરનામે, રૂબરૂમાં લેખીતમાં જાણ કરીને તે અંગેની ખાતરી કરી જવી. જો તેમ કરવામાં નહી આવે તો, મજકુર મીલકત ઉપર કોઇનો કોઇપણ પ્રકારનો કોઇનો લાગ, ભાગ, હકક, હિસ્સો, અધિકાર, બોજો કે દર દાવો નથી અને હોય તો તે હમારા અસીલની તરફેણમાં જતા યાને વેવ કર્યા છે. તેમ સમજી અમારા અસીલ મજકુર મીલકત વેચાણ રાખવા અંગેની કાર્યવાહી પૂર્ણ કરી-કરાવીને, અમારા અસીલ મજકુર મીલકતના પાકા લખાણો, દસ્તાવેજો કરાવી લેશે. અને ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તર તકરાર ચાલશે નહી. તેની સૌએ નોંધ લેવી.

સુરેશ પી. ડાખરા તે ખરીદનારના એડવોકેટ
૧૮૫, ૧૮૬, ગોલ્ડન પ્લાઝા, કામરેજ ચાર રસ્તા, જી. સુરત. મો. નં. ૯૯૨૫૦૨૮૨૨૨

મોજે જહાંગીરપુરામાં આવેલ પરિશ્રમ પાર્ક નાં ફલેટ નં.એ/૨૦૧ વાળી મિલકતનાં વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ થકી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ સીટી સબ ડીસ્ટ્રીકટનાં તાલુકા અડાજણનાં મોજે જહાંગીરપુરાનાં રે. સર્વે નં. ૭૬/૨ બ્લોક નં. ૧૨૭ થી નોંધાયેલી સુમારે ૧૬૧૮૮ સમ ચો.મી. નાં ક્ષેત્રફળ વાળી જમીન કે જેને ટી.પી. સ્કીમ નં.૪૬(જહાંગીરપુરા)માં ફા. પ્લોટ નં. ૫૬/એ(હાલ નવો ફા.પ્લોટ નં. ૫૭) અને ૫૬/બી(હાલ નવો ફા.પ્લોટ નં.૫૬) આપવામાં આવેલ છે તે વિગતની જમીન પૈકી ફા.પ્લોટ નં. ૫૬/એ(હાલ નવો ફા.પ્લોટ નં.૫૭) વાળી સુમારે ૬૨૬૪ સમ ચો.મી.નાં ક્ષેત્રફળ વાળી જમીન કે જેને કે.જે.પી. મુજબ બ્લોક નં.૧૨૭/બ/૩૪ આપવામાં આવેલો છે તે ઉપર આવેલ ''પરિશ્રમ પાર્ક'' નાં બિલ્ડીંગો પૈકી ૧૧ બિલ્ડીંગ નં. એ ૧૧ નાં ૧૧ બીજા માળ ૧૧ માળ ઉપર આવેલ ફલેટ નં.એ/૨૦૧ વાળી મિલકતનાં માલિક કરણકુમાર નીરંજન પટેલ ની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટા, વહીવટ, લાગભાગ હેઠળ ચાલી આવેલ છે, સદરહુ મિલકત હમારા અસીલે તેઓ પાસેથી ખરીદ કરવાનું નકકી કરેલ છે અને ટુંક સમયમાં તેઓ પાસેથી વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે, તો સદરહુ મિલકતના વેચાણ બાબતે જે કોઇ વ્યકિત, સંસ્થા, સરકારી, અર્ધસરકારી કચેરીઓ વિગેરેને કોઇપણ પ્રકારનો વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તમામ પુરાવા સાથે લેખિતમાં નીચે જણાવેલ સરનામે મળવું, સમય મર્યાદામાં પસાર થયા બાદ સદરહુ